**ફોજદારી કેસ નં.4954/2022**

<u>આંક: ૧ લગત હુકમ</u>

૧) હાલના કામે પોલીસ ધ્વારા આરોપી સામે મોટર વ્હિકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજૂ કરેલ છે. પરંતુ એમ.વી. એકટની કલમ–૧૮૫ માં છ માસ સુધીની સજાની જોગવાઈ હોવાથી જેથી સી.આર.પી.સી. ના શીડયુલ–ર મુજબ એન.સી. ગુનો છે.

ર) આ તબકકે નામ. કેરેલા હાઈકોર્ટના **MEHABOOB V/S. THE STATE (Cri.MC.No. 702 of 2011)** ના ચુકાદાના પેરા ચુકાદાના–૧૧ જે સરળતા સારૂં નીચે નોંધેલ છે તે ધ્યાને લેવા જરૂરી બને છે.

**11. The above discussion leads me to the conclusion that cognizance taken by the learned Magistrate of offrnces punishable under Secs.184 and 185 of the Code on a charge sheet submitted by the police officer after an investigation in violation of Sec.155(2) of the Code is illegal and for reasons I have stated, the said charge sheet cannot also be deemed to be a complaint as defined under Sec.2(d) of the Code. Cognizance taken being illegal is liable to be quashed.**

૩) નામ. કેરેલા હાઈકોર્ટે ઉકત ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે પોલીસે એમ.વી. એકટ–૧૮૫ એ નોન કોગ્નીઝેબલ ગુનો હોઈ પોલીસે તપાસ સારૂં ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(ર) મુજબ સંબંધિત જયુ.મેજીસ્ટ્રેટની પૂર્વ મંજૂરી લેવી જરૂરી બને છે. આ કામે રેકર્ડ જોતાં સદર મંજૂરી મેળવેલ ના હોઈ હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(ર) ધ્યાને લેતાં તેમજ નામ.કેરેલા હાઈકોર્ટના ઉકત ચુકાદાના પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને લેતાં દુર્ષિત બને છે.

૪) આમ, ઉકત હકીકતે આરોપી વિરૂધ્ધ આક્ષેપ એમ.વી.એકટની કલમ–૧૮૫ નો હોય ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(ર) ની જોગવાઈઓ તેમજ નામ. કેરેલા હાઈકોર્ટના MEHABOOB V/S. THE STATE (Cri.MC.No. 702 of 2011) ના ચુકાદાના ઉકત નોંધેલ પ્રતિપાદિન સિધ્ધાંત ધ્યાને લેતાં કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ના હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

હાલના આખરી અહેવાલ (ચાર્જશીટ) ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(ર) ની જોગવાઈઓથી બાધિત હોય આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–ર૫૮ મુજબ સ્થગિત કરવામાં આવે છે. તેમ છતાં તપાસ કરનાર અધિકારીને ડાયરેકશન આપવામાં આવે છે કે, સી.આર.પી.સી. કલમ–૧૫૫ અન્વયે કોર્ટની પરવાનગી લઈ તપાસ કરવી અને કોર્ટ સમક્ષ તેની ફરિયાદ દાખલ કરી શકશે. તે કાર્યવાહીને આ હુકમનો કોઈ બાધ નડશે નહિં. પરંતુ સી.આર.પી.સી. ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં તે કાર્યવાહી પૂર્ણ કરી એન.સી. ગુનાની ફરિયાદ કોર્ટ રૂબરૂ પણ દાખલ કરી શકશે.

આજરોજ અદાલતના સ્પે. સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

તા. 12/03/2022
સ્થળ: અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
UIC CODE NO. GJ00891
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.